**By Email**

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા:- E sign મુજબ

પ્રતિ,
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ
શાસનાધિકારીશ્રી-તમામ

**વિષય:**-જિલ્લા ફેર બદલી(ઓફલાઈન) બદલી કેમ્પનો બીજો તબક્કો આયોજિત કરવા બાબત.
**સંદર્ભ:**-૧. આ કચેરીના પત્રક્રમાંક:- DPE/0824/03/2026, Dt:- 31-03-2026
૨. આ કચેરીના પત્રક્રમાંક:- DPE/0773/04/2026, Dt:- 30-04-2026

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે,અત્રેની કચેરીના સંદર્ભ-૧ અને ૨ ના પત્રથી જિલ્લા ફેર બદલી (ઓફલાઈન-ઓનલાઈન) કેમ્પનું આયોજન કરવા માટે સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત જિલ્લા ફેર બદલી કેમ્પ(ઓફલાઈન/ઓનલાઈન) બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

પ્રાથમિક શિક્ષક સાથે સંકળાયેલ માન્ય સંઘો દ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઇ શિક્ષણ વિભાગ દ્વારા તા:-૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોમાં પ્રકરણ-L(૮) માં થયેલ જોગવાઇ ***જગ્યા ખાલી રહે તો બીજા તબક્કો(Second Round) કરી પ્રવરતા(સિનીયોરીટી) યાદીમાં ઉપલબ્ધ શિક્ષકોને જ જિલ્લાફેરની તમામ જગ્યાઓ ભરાઈ જાય ત્યાં સુધી બોલાવી શકાશે***" મુજબ નીચે દર્શાવેલ વિગત અનુસાર <u>જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં જિલ્લા ફેર બદલી માટેના રજીસ્ટર પડતર છે તેવા જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓમાં જિલ્લા ફેર બદલી કેમ્પનો બીજો તબક્કો આયોજિત</u> કરવા જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| જિલ્લા ફેર બદલી કેમ્પ(બીજો તબક્કો) | તા:-૨૪/૦૭/૨૦૨૬ |

જિલ્લા ફેર બદલી કેમ્પ(ઓફલાઈન/ઓનલાઈન) બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ખાલી રહેલ જગ્યા પર આ કચેરીના સંદર્ભ-૧ અને ૨ ના પત્રથી આપેલ સુચનાઓને ધ્યાને લઈ કરવાની રહેશે. જિલ્લા ફેર બદલી(ઓફલાઈન) કેમ્પના બીજા તબક્કાની **જાણ તમામ સંબંધિત અરજદાર શિક્ષકોને થાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત** કરવાનુ રહેશે.

નોંધ પર નિયામકશ્રીના આદેશાનુસાર,

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી**
**ગુ.રા. ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારૂ ....**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર